# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-01-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## <u>ઉત્તરાયણની ઉજવણી</u>

કચ્છ સહીત રાજ્યભરમાં આજે હર્ષોલ્લાસ સાથે ઉત્તરાયણની ઉજવણી કરવામાં આવી રહી છે. વહેલી સવારથી જ પતંગરસિકો ધાબા પર પહોંચી ગયા હતા. આ સાથે જ ઉંધીયું, જલેબી જેવી વાનગીની ખરીદી માટે બજારોમાં ભીડ જોવા મળી રહી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના વિવિધ મહાનુભાવો પણ પતંગ ચગાવી ઉત્તરાયણની ઉજવણીમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં સૅન્ટ્રલ વિસ્ટા ખાતે યોજાયેલા પતંગ મહોત્સવનો પ્રારંભ કરવ્યા બાદ પતંગ ઉડાડી નાગરિકોને લાડુ અને ચિક્કીનું વિતરણ કર્યું હતું.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પણ અમદાવાદમાં પતંગોત્સવની ઉજવણીમાં જોડાયા હતા.

કચ્છમાં પણ સવારથી જ જીલ્લા મથક ભુજ સહીતના શહેરો અને ગામોમાં અગાસીઓ પર નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધી પતંગ ચગાવવામાં વ્યસ્ત જોવા મળ્યા હતા. સાંસદ વિનોદ ચાવડા દ્વારા જીલ્લા મથક ભુજમાં વ્યાયામ શાળા ગ્રાઉન્ડ ખાતે સાંસદ પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મકરસંક્રાતિ – ઉત્તરાયણ નિમિત્તે આજે દાનનું વિશેષ મહત્વ હોય છે. વિવિધ મંદિરોમાં પણ ભક્તોની ભીડ જોવા મળી હતી.

**-------------------------------------------------------------------------------------**

## <u>108 ઇમરજન્સી</u>

ઉત્તરાયણના દિવસે આજે **108** ઇમરજન્સીની ટુકડી વિવિધ જગ્યાએ તહેનાત કરવામાં આવી છે. બપોર સુધીમાં **108**ની ટુકડીને એક હજાર **725** જેટલા કટોકટીના કેસ મળ્યા હતા. ગયા વર્ષની સરખામણીએ આ વખતે **269** જેટલા કેસ વધુ નોંધાયા છે.

દરમ્યાન, ઉત્તરાયણ પર્વને ધ્યાને રાખી રાજ્યભરમાં આગામી **20** જાન્યુઆરી સુધી કરૂણા અભિયાન ચાલી રહ્યું છે. જિલ્લા અને શહેર સ્તરે પક્ષીઓના બચાવ અને સારવાર માટેના આ અભિયાનમાં રાજ્યભરમાંથી **41** જેટલી સામાજિક સંસ્થા – **NGO** જોડાઈ છે.

---

## કરૂણા અભિયાન – કચ્છ

કરુણા અભિયાન" અંતર્ગત કચ્છમાં ૧૬ કલેક્શન સેન્ટર, ૧૪ સારવાર કેન્દ્રો અને ૧૩ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે.

જિલ્લા કલેકટર આનંદ પટેલે કરુણા અભિયાન હેઠળ વેટરનરી કોલેજ ભુજની મુલાકાત લીધી હતી.

**(**બાઈટ**...** કલેક્ટર આનંદ પટેલ**)**

---

## GST

તાજેતરમાં જ અમલમાં આવેલા જીએસટી સુધારા હેઠળ અનેક વસ્તુઓ પર કરના દરમાં ઘટાડો કરાયો હતો. જેનાથી લોકોની ખરીદ શક્તિમાં વધારો થતા તેની સીધી અસર જીએસટી કલેક્શન પર પણ પડી છે.

ચાલુ નાણાકીય વર્ષના **9** મહિના એટલે કે એપ્રિલ**-25**થી ડિસેમ્બર**-25** માં જ ભુજ જીએસટી કચેરી ખાતે કુલ **1108.96** કરોડ રૂપિયાનું જીએસટી કલેકશન થયું છે. જેમાં ગયા વર્ષ **2024-25**ના આ જ સમયગાળા દરમ્યાનના **1037.07** કરોડ રૂપિયાના કલેક્શનની સરખામણીએ **124.61** કરોડનો વધારો નોંધાયો છે.

કચ્છમાં સ્ટીલ, સિમેન્ટ, કન્ટેનર હેન્ડલિંગ, ખનીજો અને અન્ય ઔદ્યોગિક તથા વ્યાપારિક પ્રવૃત્તિઓની મજબૂત હાજરી છે. અનેક રોજિંદી ઉપયોગની વસ્તુઓ, ઇલેક્ટ્રોનિક્સ અને નાના વેપારીઓ માટે જીએસટી દરોમાં રાહત આપવામાં આવી હતી. તહેવારી સીઝન દરમિયાન આ સેક્ટરોમાં વધેલી લેવડદેવડનો સીધો પ્રભાવ **GST** આવક પર પડ્યો હોવાનું આંકડાઓ દર્શાવે છે.

**------------------------------------------------------------------------------------------**

## શ્વાન કરડવાના કેસોમાં વધારો

કચ્છમાં છેલ્લા બે વર્ષમાં શ્વાન કરડવાના કેસોમાં અધધ **375** ટકાનો વધારો નોંધાયો છે. સરકારી આંકડાઓ મુજબ, વર્ષ **2023**માં સમગ્ર જિલ્લામાં ડોગ બાઈટના **4785** કેસ નોંધાયા હતા, જે **2024**માં વધીને **7,95**0 સુધી પહોંચ્યા હતા. જોકે, વર્ષ **2025**માં આ આંકડો **17,942** પર પહોંચી ગયો છે.

જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં શ્વાનોના ટોળા રસ્તા પર અડીંગો જમાવીને બેસે છે, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓ અકસ્માતનો ભોગ બની રહ્યા છે અને રાત્રિના સમયે બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે.

ઉલ્લેખનીય છે કે, રખડતા શ્વાન મામલે સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણીમાં કોર્ટે તાજેતરમાં રાજ્યોને ચેતવણી આપી હતી કે શ્વાનના કરડવાથી કોઈપણ બાળક કે વૃદ્ધને ઈજા થશે કે તેઓ મૃત્યુ પામશે, તો રાજ્યને વળતર ચુકવવાની ફરજ પાડવામાં આવી શકે છે.

**------------------------------------------------------------------------------------------**

## જખૌ મરીન ટાસ્ક ફોર્સ

જખૌ મરીન ટાસ્ક ફોર્સ દ્વારા સરહદી ગુનાઉ ગામમાં ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરિયાકાંઠાની સુરક્ષા અને તકેદારી વધારવાના હેતુથી યોજવામાં આવેલ આ ગ્રામસભામાં જખૌ સેક્ટરના **DYSP** આર. એમ. **DYSP** ચૌધરીએ ગ્રામજનોને શંકાસ્પદ વ્યક્તિઓ, બોટો, ડ્રગ્સ જેવા કેફી પદાર્થોની હેરાફેરી અને અન્ય શંકાસ્પદ ગતિવિધિઓ અંગે

**સતર્ક રહેવા માટે અપીલ કરી હતી. દરમિયાન ગ્રામજનોએ દરિયાકાંઠાની સુરક્ષા માટે તકેદારી રાખવાની ખાતરી આપી હતી.**

**------------------------------------------------------------------------------------------**

## આર્મી ડે પરેડ માટે કચ્છી યુવતીની પસંદગી

**આવતીકાલે 15 જાન્યુઆરીએ આર્મી ડે નિમિત્તે રાજસ્થાનના જયપુર ખાતે પરેડ યોજાશે. જેમાં સરહદી લખપત તાલુકાના પાનધ્રો નજીક આવેલ નવાનગરની પૂજા રાજગોરની પસંદગી થઈ છે. આ પરેડમાં સમગ્ર રાજ્યમાંથી 25 NCC મહિલા કેડેટ્સની પસંદગી કરવામાં આવી છે. રાષ્ટ્રીય સ્તરની પરેડમાં કચ્છની વિદ્યાર્થીનીની પસંદગી થતા ગૌરવની લાગણી જોવા મળે છે.**

**------------------------------------------------------------------------------------------**